**અમદાવાદ (ગ્રામ્ય)ના મે. બીજા એડી. જયુડી. મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં,**
મુ. મીરઝાપુર, અમદાવાદ.

**ક્રિ.કે.નં.૧૫૩૬૧/૨૦૧૯**

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી : જાવેદભાઈ ફકીર મહમદ બિસ્તી

**ગુનો:-ઈ.પી.કો.કલમ:૧૮૮ તથા જી.પી.એકટ કલમ-૧૩૧**

<u>ચુ કા દો</u>

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે ઈ.પી.કો.ક.૧૮૮ તથા જી.પી. એકટ કલમ-૧૩૧ ના શિક્ષાનેપાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

૨. આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો આપતા આરોપી પ્રથમ તબકકે ગુન્હા અંગે આંક -૧ લગત ગુનો કબુલ કરેલ છે.

૩. આરોપીને ગુન્હાની ગંભીરતા સમજાવવા છતાં ગુન્હાની કબુલાતને વળગી રહેલ છે આરોપીએ જાણીબુજીને ગુન્હો કરેલ ન હોઈ તેઓને સુધરવાની તક મળી રહે અને તેમણે કરેલ કૃત્યનો અહેસાસ તેમને થાય તે હેતુથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ:૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ:૧૮૮ તથા જી.પી.એકટ કલમ-૧૩૧ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૩૦૦/- અંકે રૂપીયા ત્રણસોનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો દંડ ન ભરે તો દિન:૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૦, માહે: જુલાઈ સને ૨૦૨૧ ના રોજ જાહેર કર્યો.

મુ.અમદાવાદ

(ટી.એ.ભાડજા)
બીજા એડી.જયુ.મેજી.ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર
યુ.આઈ.સી.કોડ નં. જીજે૦૧૩૯૯